# શહેરીજનોએ અડધા કરોડના ફાફડા-જલેબી ઝાપટ્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં દશેરા પર્વની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં રાવણ દહન કરીને દશેરાની ઉજવણી કરાઈ હતી ત્યારે દશેરાના દિવસે ખાસ ફાફડા- જલેબી આરોગવાનું અનેરુ મહત્વ છે. ત્યારે શહેરમાં દશેરાના પર્વને અનુલક્ષી અંદાજીત ૧૦૦ થી વધુ સ્ટોલ પરથી ફાફડા-જલેબીનું વેચાણ થયું હતું.

સ્વાદના ચટુકડા નગરજનો અંદાડે અડધા કરોડથી વધુના ફાફડા-જલેબી આરોગી ગયા છે.આ વર્ષે ચણાની દાળમાં કમરતોડ વધારો નોંધાતા મોંઘવારીની અસર ફાફડા પર પડી હતી. છતા સવારથી જ નગરના સેકટરોમાં આવેલ ફરસાણની દુકાનો તેમજ સર્કલો પર કાર્યરત ફાફડા-જલેબીના સ્ટોલ પર નગરજનોની લાંબી કતારો ખરીદી માટે જોવા મળી હતી. અસત્ય પર સત્યના વિજય સમાન આ તહેવારની ઉજવણી નિમિતે નગરજનોએ અંદાજીત અડધા કરોડના ફાફડા-જલેબી આરોગી ગયા છે.







ગાંધીનગર શહેરમાં દશેરાના દિવસે ફાફડા-જેલબીનું ધુમ વેચાણ થતુ હોવાથી વેપારીઓ દ્વારા આગોતરુ આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે નવરાત્રીમાં વરસાદ વરસ્યો હોવાથી ફરસાણના વેપારીઓએ ફાફડાનો સ્ટોક કરવાનું ટાળ્યુ હતું.

તેથી આ વર્ષે નગરજનોએ ગરમાગરમ ફાફડાની લિજજત માણી હતી. આસુરી શકિત પર દેવી શકિતના વિજયના આ પર્વને નગરજનો ભારે ઉત્સાહપૂર્વક મનાવે છે. શહેરમાં વિવિધ ઠેકાણે દશેરાના ફાફડા-જલેબીના અંદાજીત ૧૦૦થી વધુ નાના મોટા સ્ટોલ લાગ્યા હતા. સવારથી જ ફાફડા-જેલબીના સ્ટોલ પર નગરજનોની ખરીદી માટે ભીડ જોવા મળી હતી. જયારે આ વર્ષે ચણાની દાળમાં તોંતિગ વધારો નોંધાયો હોવાથી ફાફડામાં પણ ૩૦ ટકાથી વધુ ભાવ વધારો જોવા મળ્યો હતો. જેને પગલે આ વર્ષે ફાફડા- રૂ. ૩૨૦ થી ૩૬૦, જલેબી રૂ.૨૪૦, જલેબી શુધ્ધ ઘી રૂ.૪૮૦, પનીર જલેબી રૂ. ૪૮૦, ઈમરતી રૂ. ૪૮૦, ના ભાવે વેચાણ થવા પામ્યું હતું જયારે વિવિધ સ્ટોલ પર ભાવમાં પણ ફેરફાર કેટલાક સ્થળો પર જોવા મળ્યા હતા. મોંઘવારી રોજ બરોજ માઝા મુકી રહી છે ભાવ વધારો દરેક ચીજવસ્તુઓમાં જોવા મળી રહ્યો છે તેમ છતા ચટુકડા નગરજનોએ દશેરાના ફાફડા-જલેબી આરોગી આસુરી શકિત પર દેવી શકિતના પર્વની ભાવપૂર્વક ઉજવણી કરી હતી.

## ગાંધીનગર હોસ્પિટલની બે એમ્બ્યુલન્સ ૨૦ દિવસથી બંધ : લાભાર્થીઓ હેરાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત એમ્બ્યુલન્સમાંથી બે એમ્બ્યુલન્સ છેલ્લા ૨૦ થી બંધ હાલતમાં છે. એમ્બ્યુલન્સને રીપેરીંગ માટે ગેરેજમાં મુકવામાં આવી છે પરંતુ ૨૦ દિવસનો સમય વિત્યો હોવા છતા એમ્બ્યુલન્સ હોસ્પિટલ પરત આવી નથી. ત્યારે હોસ્પિટલમાં આવતા દર્દીઓને ભારે પરેશાની ગંભીર અકસ્માતમાં ઈજા પામેલ દર્દીઓ માટે મદદરુપ સીટીસ્કેન, એમઆરઆઈ સહિતની આધુનિક સેવામાં ઉપલબધ નથી. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં જિલ્લા સહિત આસપાસના જિલ્લાના પણ દર્દીઓ મોટીસંખ્યમાં સારવાર માટે આવે છે. ત્યારે જિલ્લાની હોસ્પિટલમાં કાર્યરત એમ્બ્યુલન્સમાંથી ૨ એમ્બ્યુલન્સ છેલ્લા ૨૦ દિવસથી





વેઠવાનો વારો આવે છે. જયારે કેટલીકવાર હોસ્પિટલની એમ્બ્યુલન્સ ના હોવાથી દર્દીઓને ખાનગી એમ્બ્યુલન્સનો સહારો લેવો પડે છે. ત્યારે વારંવાર ખોટકાતી અને ગંભીર ઈજાગ્રસ્તોને લઈને જતી બિમાર એમ્બ્યુલન્સ ઝડપી સાજી થઈને આવે તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. જેથી હોસ્પિટલનો ઓપીડી વિભાગ દર્દીઓથી ભરાયેલો જોવા મળે છે તો બીજીતરફ હોસ્પિટલમાં તાત્કાલીક વિભાગ પણ સતત ધમધમતો જોવા મળે છે. પરંતુ ગેરેજમાં રીપેરીંગમાં છે. પરંતુ હજુ સુધી રીપેરીંગ કામ ન થતા લાભાર્થીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે તો બીજી તરફ શબવાહીની પણ બંધ રહેતા મૃતકના સ્વજનોને ભારે તકલીફનો સામનો કરીને સ્વૈચ્છીક સંસ્થાની એમ્બ્યુલન્સ અથવા શબવાહીનીનો ઉપયોગ કરવો પડે છે.પરંતુ કરોડો રુપીયાના ખર્ચે તૈયાર કરાયેલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ બિમાર રહેતા લાભાર્થીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. હવે કયારે એમ્બ્યુલન્સ રીપેરીંગ થઈને આવે છે તેની રાહ લાભાર્થીઓ કાગડોળે જોઈ રહ્યા છે.ત્યારે એમ્બ્યુલન્સ ઝડપી કાર્યરત થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## રુપાલ મેળાની ભીડમાં એક યુવાને વિધવા મહિલાની કમર પકડી લેતા ધીંગાણુ

**આનંદ મેળામાં ચકડોળની લાઇનમાં થયેલી હરકત : છેડતી કરનાર તત્વોની ટોળાએ કરી ધોલાઇ : ક્રોસ ફરિયાદ**

રુપાલ ગામના સુપ્રસિધ્ધ પલ્લી મેળો સંપન્ન થયા બાદ ગઈ રાત્રે રુપાલ – સોનીપુર રોડ પર પશુ દવાખાના પાસે લાગેલા આનંદ મેળામાં ભારે ભીડ જામી હતી. ચકડોળની લાગેલી લાઈનમાં એક યુવાન શખ્સે રુપાલ ગામની જ એક વિધવા મહિલાની કમર પકડી લઈને ભીડનો લાભ લઈ છેડતી કરીહોવાની ઘટના બની હતી. આ મામલે મેળામાં જ ધીંગાણુ થયુ હતુ અને લોખંડની પાઈપથી માર મારી ટોળાએ તે શખ્સ તથા તેની સાથે આવેલા શખ્સોની ધોલાઈ કરી હતી. આ મામલે પેથાપુર પોલીસ મથકમાં ક્રોસ ફરિયદ નોંધાતા પોલીસે આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

રુપાલ ગામમાં રહેતી એક વિધવા મહિલા તેના દિકરા તથા પડોશી મહિલાઓ સાથે રુપાલ-સોનીપુર રોડ પર લાગેલા આનંદ મેળામાં ગયા હતા. ચકડોળમાં બેસવાની લાઈન લાગી હતી અને ભારે ભીડ જામી હતી. ત્યા ભીડનો લાભ લઈને રુપાલ ગામનાં જ એક યુવાન શખ્સે તે મહિલાની કમર પકડી લઈને છેડતી કરી હતી. મિત્રો સાથે આવેલા આ શખ્સને મહિલાએ ઠપકો આપ્યો હતો. તે સમયે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો અને મહિલાનો દિકરો તથા તેના મિત્રોનું ટોળુ આવી ગયુ હતુ. છેડતી કરનાર શખ્સ તથા તેના મિત્રોને લોખંડની પાઈપથી ફટકારી ગડદાપાટુનો માર મારી મેથીપાક ચખાડ્યો હતો. બંને જુથો સામસામે આવી ગયા બાદ થયેલી મારામારીએ ઉગ્ર સ્વરુપ ધારણ કર્યુ હતુ. ત્રણ ઘાયલોને ગાંધીનગર સિવીલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. પેથાપુર પોલીસે મહિલાની ફરિયાદને આધારે રુપાલ ગામનાં નાગજી ગાંડા દેસાઈ, પરેશ દેસાઈ. નાગજી તરજા રબારી તથા અન્ય શખ્સો સામે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૫૦૪, ૩૫૪ અને જીપી એક્ટ ૧૩૫ હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. તો બીજી તરફ નાગજી તરજા રબારીએ આપેલી ક્રોસ ફરિયાદને આધારે મહિલાના દિકરા સહિત ૧૦ યુવાનોનાં ટોળા સામે આઈપીસી કલમ ૩૨૪ મુજબ ગુનો નોંધી પીએસઆઈ એલ. એસ. ચૌધરીએ તટસ્થ તપાસ શરુ કરી છે.

## બાળ સાહિત્ય શનિસભા ૧૫મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી માતૃભાષા અભિયાન સંસ્થા તરફથી બાળસાહિત્યના લેખકોના સર્જનમાં વેગ મળે તથા એનું સંવર્ધન થાય, તેનું સમૂહમાં મૂલ્યાંકન થાય તે આશયથી દર માસના પહેલા અને ત્રીજા શનિવારે 'શનિસભા'નું આયોજન થાય છે. એ અંતર્ગત આગામી ૧૫ ઓક્ટોબર ૨૦૧૬, શનિવારના રોજ ૩ કલાકે ૨૯મી બાળસાહિત્ય શનિસભાનું આયોજન ચિત્રકૂટ ફ્લેટ્સ, ભોઈતળિયે, સાહિત્ય પરિષદની સામે, આશ્રમ રોડ નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ બેઠકમાં બાળ સાહિત્યના લેખકો પોતાની અપ્રકાશિત, મૌલિક કૃતિ રજૂ કરશે અને મુક્તમને તેની ચર્ચા કરશે. આ રીતે બાળસાહિત્ય શનિ સભામાં બાળ સાહિત્યના તમામ પ્રકારો રજૂ કરવામાં આવશે.

## અંધશ્રધ્ધાનાં ખપ્પરમાં વધુ એક તરૂણ હોમાયો

**ખેંચની બિમારીથી પિડાતા ૧૩ વર્ષના દિકરાને સારવાર અર્થે લઇ જવાનાં બદલે બાધા રાખી : બેભાન થઇ ગયા બાદ હોસ્પિટલ લઇ જવાયો પરંતુ તેણે શ્વાસ છોડી દિધા હતા**

ગાંધીનગર, તા.૧૧

શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચે ખુબ પાતળી ભેદરેખા છે જેને સમજવામાં ગફલત ખાઈ જનારે ક્યારેક ખુબ મોટુ નુકશાન ભોગવવુ પડ્યુ હોવાના દાખલા છે. કમનશીબીની વાત છે કે આપણા દેશમાં અંધશ્રધ્ધામાં માનવા વાળો વર્ગ બહોળો છે. આજે વધુ એક તરુણ વયનો દિકરો અંધશ્રધ્ધાનાં ખપ્પરમાં હોમાયો છે. પેથાપુર ગામમાં રહેતા ૧૩ વર્ષિય દિકરાને ખેંચની બિમારી હોવા છતા હોસ્પિટલ લઈ જવાને બદલે માતા-પિતા દેવી-દેવતાની બાધા માની બેસી રહ્યા હતા. દવા અને દુવા બંને જરુરી છે તે સમજી ન શકનાર આ માતા-પિતાએ અંતે પોતાનો વ્હાલસોયો દિકરો ગુમાવ્યો..!! દિકરો ગઈ કાલે બેભાન થઈ ગયો અને તેને આખરે હોસ્પિટલ લઈ જવાયો પરંતુ ત્યા સુધીમાં તેને શ્વાસ છોડી દિધા હતા. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરવી મૃત્યુનુ કારણ જાણવા એફ.એસ.એલની મદદ લઈ વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર ખાતે સ્થિત બળીયાદેવ મંદિર નજીક રહેતા ૧૩ વર્ષનો હિતેશ નાથાજી ઠાકોર ધોરણ-૮ માં અભ્યાસ કરતો હતો. હિતેશ ઘણા સમયથી ખેંચ અને આંચકીની બિમારીથી પિડાતો હતો. ત્રણેક દિવસથી ખેંચ વધી જતા તેના માતા-પિતાએ આ બિમારી મટી જાય તે માટે માનતા(બાધા) માની હતી. હિતેશને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો નહિ. ગઈ કાલે હિતેશની તબિયત લથડી પડી અને તે પોતાના ઘરે જ બેભાન થઈને પટકાઈ પડ્યો હતો. હિતેશને બેભાન હાલતમાં જોઈ માતા-પિતા તથા પરિવારનાં સભ્યોએ તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલની વાટ પકડી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં તબિબોએ હિતેશની

● અનુસંધાન પાના - ૭ પર

## ગાંધીનગરના ચાર બુલેટ રાઈડર્સ બુલેટ પર નેપાળ અને ભૂતાનની સફર ખેડશે

**બાઈક રાઈડર્સ યાત્રા દરમિયાન કુલ ૭૦૦૦ કિમીનું અંતર કાપશે : યુવાનો ટાર દેશોની સરહદો ઓળંગી નેપાળ અને ભૂતાન પહોંચશે**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ચાર સાહસિક બુલેટ રાઈડર્સ યુવાનો ગાંધીનગરથી નેપાળ અને ભૂતાન સુધીની બુલેટ યાત્રા પર આજે ગાંધીનગર ખાતેથી રવાના થશે. સવારે ૬ કલાકે ગાંધીનગરના ડે. મેયર અને ઉચ્ચ અધિકારીઓ ફલેગ ઓફ કરીને યાત્રાને પ્રસ્થાન કરાવશે. આ બુલેટ રાઈડર્સ ભારતના ચાર પડોશી દેશો નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન અને ચીનની સરહદ ઓળંગી કુલ ૭૦૦૦ કિમીની યાત્રા કરશે.

શોખ બડી ચીજ હૈ... માનવ કોઈ કાર્ય કરે છે અને એ કાર્યમાંથી જયારે તેને અનેરી તૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે એ કાર્ય કાર્ય નહીં પણ તેનો 'શોખ' બની જાય છે અને તે શોખ પુરા કરવા કોઈ પણ પ્રકારના અતિ જોખમી કાર્ય કરતા અચકાતો નથી. આવા જ જોખમો ખેડતા ગાંધીનગરના ચાર સાહસિક બુલેટ રાઈડર્સ ગાંધીનગરથી ભૂતાન સુધીની સફર ખેડશે. યુવાનો ઈન્ડિયન આર્મી, કલીન ઈન્ડિયા, યુનાઈટેડ ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા અને યુથ ઈન્ડિયા જેવા સંદેશા લઈ આજે ગાંધીનગર ખાતેથી સવારે ૬ કલાકે રવાના થશે. યુવાનોનો ઉત્સાહ વધારવા ગાંધીનગર ના ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિત ઉચ્ચ અધિકારી પદાધિકારીઓની હાજરીમાં તેની યાત્રાને ડે. મેયર ફલેગ ઓફ કરી પ્રસ્થાન કરાવશે. આ યાત્રામાં વ્યવસાયે ઈજનેર હિંમતસિંહ ચાવડા, ડેપ્યુટી કલેકટર કેયુર જેઠવા, તબીબ ડૉ. જોસ્પી કલસવા અને બિઝનેસમેન સચિન ઠકકર જોડાયા છે.





બુલેટ યાત્રા દરમિયાન યુવા સાહસિકો નેપાળ-ભૂતાન અને ચીનના જુદા જુદા વિસ્તારોમાં સફર કરશે. ૩૭૧૦ મીટર ઉંચાઈ પર આવેલા મુકિતનાથ (નેપાળ), પારોવેલી (ભૂતાન), ડોલગીરી, નીલગીરી શિખરો પર બાઈક લઈ ચઢાણ કરશે. યુવાનો ભારત સાથે જોડાયેલ દેશો નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન અને ચીનની આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગી કુલ ૭૦૦૦ કિમીનું અંતર કાપશે. આ બુલેટ રાઈડર્સ યુવાનો અગાઉ પણ લેહ-લદાખ, કારગીલ, દ્રાસ, ટાઈગર હિલ જેવા અતિ જોખમી અને દુર્ગમ સ્થળોની સફર કરી ચુકયા છે. ડર કે આગે જીત હેના જોમ અને જુસ્સા સાથે રવાના થતા યુવાનોને 'હેપ્પી જર્ની' બેસ્ટ ઓફ લક તો બનતા હે દોસ્ત.... બેસ્ટ ઓફ લક ફ્રેન્ડસ...

## વાવોલમાં મહાકાળી મંદિરે મહાઆરતી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામ ખાતે મહાકાળી યુવક મંડળ દ્વારા નવરાત્રીના છેલ્લા નોરતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાઆરતીમાં મુખ્ય મહેમાન તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા હાજર રહ્યા હતા. વાવોલ ગામના મહાકાળી યુવક મંડળ દ્વારા પ્રતિવર્ષ નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રીના છેલ્લા દિવસે સુંદર મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો સાથે રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા પણ જોડાયા હતા. આ પ્રસંગે ભુપેન્દ્રસિંહજીએ જણાવ્યું હતું કે સમગ્ર ગામની કુળમાતા મહાકાળી માતાની આરતી

● અનુસંધાન પાના - ૭ પર







### ગરબા પહેલા રાષ્ટ્રગીત ગાઈ શહીદોને શ્રદ્ધાંજલિ

કાશ્મીરના ઉરી ખાતેના આર્મી બેઝ કેમ્પમાં થયેલા આતંકવાદી હૂમલામાં દેશના ૧૮ વીર જવાનો સહીદ થઈ જવા પામ્યા હતા. આ ઘટનાને પગલે દેશભરમાં આક્રોશની લાગણી ફેલાવા પામી છે. જો કે ભારતે પીઓકેમાં સર્જીકલ સ્ટ્રાઈક કરી આતંકીઓના લોન્ચરોનો નાશ બોલાવવાની સાથે આતંકીઓનો પણ ખાત્મો કરી બદલો પણ લઈ લીધો. આ સાથે જ શહીદ થયેલા ભારતીય સૈનિકોના પરિવાર પ્રત્યે દેશભરમાં સહાનુભૂતિ પ્રવર્તી રહી છે. આ સમયે નવરાત્રીનો તહેવાર આવતા દેશવાસીઓના મનમાં તહેવાર ઉજવવાનો કે નહી તે અંગે ખચકાટ જમાયો હતો. આવા સમયે ગાંધીનગરના સેક્ટર-૨૨માં પરંપરાગત શેરી ગરબામાં ગરબા ચાલુ કરતા પહેલા રાષ્ટ્રગીત ગાઈને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડવામાં આવ્યું હતું. નવરાત્રીના તમામ નોરતે અહી ગરબા પહેલા રાષ્ટ્રગીત ગાવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.